# મોડાસા સાંઈ મંદિરે બરફાની બાબાના દર્શનાર્થે ભક્તોની ભારે ભીડ

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના હાર્દ સમા માલપુર રોડ પર આવેલા પ્રસિદ્ધ સાંઈ મંદિર મોડાસાના શ્રી મોડાસા શિરડી સાંઈબાબા સત્સંગ મંડળ દ્વારા સાંઈ મંદિરના શિવાલયમાં પવિત્ર શ્રાવણ માસના પ્રત્યેક સોમવારે વિવિધ હિંડોળાનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રાવણના અંતિમ સોમવારે બરફાની બાબા અમરનાથ અને ૧૭૫ કિલો શુદ્ધ ઘીમાંથી જિલ્લામાં સૌપ્રથમવાર ૯ ફૂટ ઉંચી શિવજીની મહાપ્રતિમાનું નિર્માણ કરવામાં આવ્યું હતું. મોડાસા તથા આજુબાજુના પંથકમાંથી દર્શનનો લાભ લેવા ભક્તોની ભારે ભીડ જામી હતી.

પવિત્ર શ્રાવણ માસમાં શિવભક્તો દ્વારા દેવાધિદેવ મહાદેવજીને રીઝવવા વિશેષ પૂજા-અર્ચના, જળ, દૂધ અને બિલીપત્રનો અભિષેક કરવામાં આવે છે. સાંઈમંદિર મોડાસાના શ્રી મોડાસા શિરડી સાંઈબાબા સત્સંગ મંડળ દ્વારા શ્રાવણ માસના અંતિમ સોમવારે બરફાની બાબા અમરનાથની ગુફા, વડોદરા સ્થિત સુરસાગરમાં આવેલી મહાદેવજીની અદલ પ્રતિકૃતિ સમી ૧૭૫ કિલો શુદ્ધ ઘીની જીલ્લામાં સૌ પ્રથમવાર ૯ ફૂટ લાંબી ઘીની મૂર્તિ, કૃષ્ણભક્ત નરસૈયા તથા સુદામાની ઝાંખી, અઘોરીબાબા સાથેની શિવગુફા, છબી પ્રદર્શન વગેરે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષની જેમ ચાલુ વર્ષે પણ મોડાસા અને આજુબાજુના ગામડાઓના ૨૦ થી ૨૫ હજાર ધર્મપ્રેમી જનતાએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. સાંઈ મંદિરના પૂજારી ભોલાનાથ મહારાજના જણાવ્યા અનુસાર છેલ્લા એક સપ્તાહથી આ કાર્યક્રમને આખરી ઓપ આપવા માટે શીરડી સત્સંગ મંડળના સભ્યો દ્વારા દિવસ-રાત તનતોડ મહેનત કરી હતી. મોડાસાના શિવભક્તો દ્વારા શીરડી સત્સંગ મંડળ દ્વારા દર વર્ષે પવિત્ર શ્રાવણ માસના અંતિમ સોમવારે દેશના મંદિરમાં આવેલા એક શિવજી ભગવાનની મૂર્તિની અદલ પ્રતિકૃતિ દ્વારા શહેરના આંગણે દર્શનનો લાભ આપવાના પ્રયાસની સરાહના કરી હતી.







(તસવીર : જય અમીન, મોડાસા)

# મોડાસામાં ઘીના પાઉચમાં પાણી


મોડાસા, તા. ૮

એક તરફ સરકાર ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરતા તત્વો અને આવી વસ્તુઓ વેચતા લોકો સામે કાર્યવાહી કરવા અવનવા કાયદા બનાવે છે.પરંતુ ત્યાથી અગત્ય નો ખાદ્ય પદાર્થ વિશ્વની સૌથી મોટી બ્રાંડ અમુલ ઘીમાં પેકીંગમાં ભેળસેળ -łથમિક દ્રસ્તીએ મળી આવેતો લોકોનો વિશ્વાસ ઉઠી જાય તેવા સંજોગો અરવલ્લી જીલ્લાના મોડાસા નજીકના જંબુસર ગામે બનતા ચકચાર મચી ગઈ છે.

અરવલ્લી જીલ્લાના મોડાસા નજીકના જંબુસર ગામની ધુધ ઉત્પાદક સરકારી મંડળી એ જન્માષ્ટમીના તહેવારોમાં ગ્રાહકો માટે હિમતનગર ની સાબરડેરી માંથી ૫૦૦ ગ્રામ ઘીના પાઉચ નો જથ્થો લાવ્યા હતા.જે કેટલાક ગ્રાહકો લઈ પણ ગયા હતા.આ પાઉચ માંથી ઘી કાઢવામા આવતા ઘીની સાથે સાથે પાઉચ માંથી પાણી જેવું -વાહી પણ જણાઈ આવ્યું હતું.ગ્રાહકોએ આ બનાવ અંગે દૂધ મંડળીમાં રજૂઆત કરી હોબાળો મચાવતા મંડળી સમાંવાદાઓએ સાબર ડેરી ના સમાંધીશો તેમજ અધિકારીઓએ પણ કરતા ત્રણ અધિકારીઓની ટીમ જંબુસર દોડી આવી હતી.

જંબુસર ગામની દૂધ મંડળી ધ્વારા અમુલ ઘીના ૫૦૦ મિલી ના પાઉચ ગ્રાહકો માટે સાબરડેરી હિમતનગર થી લઈ જવામાં આવ્યા હતા.આ પાઉચમાંથી પાણી જેવું -વાહી નીચાવાની રજૂઆત બાદ જંબુસર દોડી આવેલા આસી.મેનેજર -ોડક્સન ,લેબ ટેક્નીશિયન અને પેકિંગ મેનેજર ની ટીમે આ વિવાદાસ્પદ ઘી ના પાઉચ નો જથ્થો મેળવી લઈ તેનું લેબોરેટરી પરીક્ષણ કરાવવાની ખાતરી આપી.ગ્રાહકોના હિતમાં સંપૂર્ણ તપાસ કરવાનું જણાવ્યું હતું.

અમુલ જેવી -ખ્યાત બ્રાંડ ના ઘીના પાઉચ પેકીંગમાં પાણી જેવું -વાહી નીકળવાથી જંબુસર ગામના ગ્રાહકો એ દૂધ મંડળી પર ભારે હોબાળો મચાવ્યો હતો.ત્યારે જન આરોગ્ય માટે ખતરા રૂપ કરી શકાય તેવા ભેળસેળ ની અમુલ ઘીના લેબોરેટરી પરીક્ષણ ની બધ્ધી નૈતિકતા અને ન્યાયાધિક રીતે તપાસ કરાય તો આ -કાર ના ભેષ્સેળ નો વધુ પર્દાફાશ થાય તો નવાઈ નહિ.




(સમીર બલોચ, મોડાસા)

# બનાસ ડેરીની ચૂંટણીમાં કાંકરેજના મતદારનું અપહરણ

## ડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળના સમર્થનમાં ડેરીના કર્મચારીઓનું પરાક્રમક : સંભવિત ઉમેદવારે ડેરીના અધિકારીઓ સાથે જઈ માર મારી અપહરણ કર્યું : ત્રણને ઈજા

પાલનપુર, તા. ૮

બનાસ ડેરીની પ્રતિષ્ઠાભરી ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થતા અને મતદાર યાદી જાહેર થતાં ડેરીના વર્તમાન ચેરમેન દ્વારા સત્તા ટકાવી રાખવા મતદારોનું અપહરણ કરી માર મારવાનો મામલો સામે આવતા જિલ્લાભરમાં ચકચાર મચી જવા પામી છે. ડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળના સમર્થનમાં એક સંભવિત ઉમેદવાર અને ડેરીના પાંચ અધિકારીઓ દ્વારા કાંકરેજ તાલુકાના ગંગાપુર (થળી)ના મતદારને માર મારી અપહરણ કરાયું હોવાનો ગુનો શિહોરી પોલીસ મથકે નોંધાયો છે.

બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. પાલનપુર (બનાસડેરી)ના વ્યવસ્થાપક મંડળની પ્રતિષ્ઠાભરી ચૂંટણી માટેનો જંગ શરૂ થયો છે. સોમવારે ડેરીની નવી મતદાર યાદી જાહેર થતાં સત્તા મેળવવા ઉમેદવારો દ્વારા ગુનાહિત પ્રવૃત્તિઓ પણ શરૂ થઈ છે. જેમાં વર્તમાન ચેમરેન પરથીભાઈ ભટોળ દ્વારા સત્તા ટકાવી રાખવા મતદારોને ધાક ધમકી તેમજ માર મારી અપહરણ કરવાનો મામલો બહાર આવ્યો છે. આ અંગેની વિગત એવી છે કે, કાંકરેજ તાલુકાના ગંગાપુર (થળી) ગામના અનોપજી મગનજી ઠાકોરનું નામ કાંકરેજ તાલુકાની મતદાર યાદીમાં અનુક્રમ નં. ૮૩માં સમાવેશ થયું છે. જેઓ રવિવારે પોતાના ઘરે હતા ત્યારે બનાસ ડેરીની ચૂંટણીના સંભવિત ઉમેદવાર બાબુભાઈ માલાભાઈ પટેલ (રહે. ખસા, તા. કાંકરેજ, જી. બનાસકાંઠા) ડેરીના બે વિસ્તરણ અધિકારી અને ત્રણ સુપરવાઈઝરો સાથે તેમના ઘરે આવી તેઓને ચૂંટણી બાબતની વાતચીત કરવા કાંકરેજ તાલુકાના ખસા ગામે આવેલ ધરતી જીનીંગ ફેક્ટરી પર બોલાવ્યા હતા. પરંતુ તેઓએ આનાકાની કરતાં બળજબરીપૂર્વક ડેરીની બોલરો ગાડીમાં બેસાડી લઈ ગયા હતા. ત્યાર બાદ તેમના પરિવારજનોએ મોબાઈલ પર સંપર્ક કરવા જતાં સંપર્ક ન થતાં તેમના ભાઈ પ્રતાપજી ઠાકોર અને ભત્રીજો ધરતી જીન પર જતાં ત્યાં ઉભેલા આઠથી દસ માણસોએ તલવાર, ધારીયા અને બરછી વડે હૂમલો કર્યો હતો. જેમાં નટવરજી ઠાકોર, પૂનમાજી ઠાકોરને ગંભીર ઈજા થઈ હતી જ્યારે અનોપજીને પણ માથાના ભાગે માર માર્યો હતો. જ્યારે ચૂંટણી પુરી ન થાય ત્યાં સુધી અનોપજીને છોડીશું નહી અને હવે પછી તમારા ભાઈને લેવા આવશો તો જાનથી મારી નાંખીશુ તેવી ધમકી આપી હતી.

આથી બનાસ ડેરીના મતદાર અનોપજી ઠાકોરના ભાઈ પ્રતાપજી મગનજી ઠાકોરે શિહોરી પોલીસમથકે બનાસ ડેરીના કાંકરેજ વિભાગના સંભવિત ઉમેદવાર બાબુભાઈ માલાભાઈ પટેલ તેમજ બનાસ ડેરીના બે વિસ્તરણ અધિકારી અને ત્રણ સુપરવાઈઝરો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે અપહરણ, માર મારી અને જાનથી મારી નાંખવાની ધમકી અંગેનો ગુનો નોંધી વધુ તપાસ શિહોરી પી.એસ.આઈ. જે.બી. વનાર ચલાવી રહ્યા છે.

# મેઘરજ પોલીસે ટ્રક ચોરીના આરોપીને ગોધરાથી ટ્રાન્સફર વોરંટથી લઈ આવી

ઈસરી, તા. ૮

અરવલ્લી જિલ્લાના મેઘરજમાંથી ત્રણ મહિના અગાઉ નગરની અંદરથી જ સાડાચાર લાખ રૂપિયાની ટ્રકની ઉઠાંતરીના સંદર્ભેગોધરા એલસીબી પોલીસે બે આરોપીઓને ઝડપી લઈ મેઘરજ પોલીસે ટ્રાન્સફર વોરંટના આધારે મેઘરજ લાવી આરોપીના રીમાન્ડની કાર્યવાહિ હાથ ધરી મેઘરજ પોલીસ કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

મેઘરજ નગરમાંથી ૯-૯-૨૦૧૫ના રોજ મેઘરજ પશુદવાખાના પાસેથી ટ્રકની મધ્યરાત્રીએ કેટલાક તસ્કરોએ ઉઠાંતરી કરી ફરાર થઈ ગયા હતા. જેના સંદર્ભે ટ્રક માલિક સફી ગુલામહુસેન બાકરોલીયાએ મેઘરજ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. મેઘરજ પોલીસ ત્રણ માસ સુધી પગેરૂ મેળવી શકી નહતી. પરંતુ ગોધરા એલસીબી પોલીસે ગોધરા-હાલોલ પંથકમાં રાત્રી પેટ્રોલીંગ દરમ્યાન ટ્રક પસાર થતો જોઈ શંકાસ્પદ જણાતા ટ્રને રોકી ટ્રકમાં બેઠેલા ઈસમોની પૂછતાછ કરતા યાસીન ઉર્ફે ગાડી યુસુફજહાં (રહે. ગોધરા) ખાલીદ ઉર્ફે ભુરીયો બેની ધરપકડ કરી હતી અને એલસીબી પોલીસે આ આરોપીઓના રીમાન્ડ મેળવતા આ આરોપીઓએ હાલોલ પોલીસ સ્ટેશનમાં ચાર ગુન્હા અને મેઘરજ પોલીસ સ્ટેશનની હદમાં એક ગુન્હાની કબુલાત કરતા અને મેઘરજમાંથી છઠ્ઠા મહિનામાં ટ્રકની ઉઠાંતરી કરી બારોબાર સગેવગે કરી દિધાનું જણાવાત ગોધરા એલસીબી પોલીસે મેઘરજ પોલીસને આ અંગે જાણ કરતા મેઘરજના પીએસઆઈ ટ્રાન્સફર વોરંટના આધારે બન્ને આરોપીઓને લઈ આવી વધુ પૂછપરછ આદરી છે. આરોપીઓએ મુખ્ય સૂત્રધાર ટ્રક ચોરીનો ફરાર હોવાનું જણાવ્યું હતું. મેઘરજ પોલીસે આ બન્ને આરોપીઓના રીમાન્ડ મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



## જે.એમ. ચૌધરીની વિદ્યાર્થીનીઓએ નેશનલ કક્ષાએ શાળાનું ગૌરવ વધાર્યું

ગાંધીનગર, તા. ૮

તાજેતરમાં નેશનલ કક્ષાની જમ્પરોપ સ્પર્ધા નાસિકના શિરપુર મુકામે યોજાઈ હતી. જેમાં જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી શાળાને નેશનલ કક્ષાએ ગૌરવ અપાવ્યું હતું.

સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે રજની ચૌધરી, લલીતા ચૌધરી, માયા ચૌધરી વિજેતા બની હતી. દ્વિતિય ક્રમાંકે અમિષા ચૌધરી, સપના પટેલ, ભાવના ચૌધરી વિજેતા બની હતી. તૃતીય ક્રમાંકે ધો. ૯ની ઉર્મિલા ચૌધરી, હેતલ ચૌધરી, ધ્રુવીકા પટેલ, સ્નેહલ ચૌધરી, ધો. ૧૧ની ઉર્મિલા ચૌધરી મહિલા ચૌધરી વિજેતા બની હતી.

## નિટકોએ એક્સપ્લોરર એડિશન ૨૦૧૫ રજૂ કરી

ભારતમાં ટાઈલ્સ અને ઈન્ટીરિયર એસ્થેટિક્સ સોલ્યુશન્સ -ોવાઈડરમાં આગેવાન ખેલાડી નિટકોએ તેનું નવું કલેકશન એક્સપ્લોરર એડિશન ૨૦૧૫ લોન્ચ કર્યું છે. ડિઝાઈન અને પરફોર્મન્સને હાર્દમાં રાખતાં આ નવા લોન્ચિંગમાં ટાઈલ્સની એવી શ્રેણીનો સમાવેશ થાય છે, જે દેખાવમાં સુંદર હોવા સાથે ટકાઉ પણ છે. સર્વ કેટેગરીઓમાં ટાઈલ્સનો આમાં સમાવેશ થાય છે, જેમાં વોલ ટાઈલ્સ, સેરામિક ફ્લોર ટાઈલ્સ, ગ્લેઝડ વિટ્રિફાઈડ ટાઈલ્સ અને વિટ્રિફાઈડ ડબલ ચાર્જડ ટાઈલ્સનો સમાવેશ થાય છે. ગ્રાહકોની જરૂરતોને પહોંચી વળતાં અને તેમનાં ઘરોને સુંદર બનાવવા માટે વોલ અને ફ્લોરિંગના વધુ વિકલ્પો માટે તેમના ખોજે-રિત જોશને સંતોષવા માટે નિટકોની એક્સપ્લોરર એડિશન ૨૦૧૫ નિટકોની લોકપ્રિય બ્રાન્ડ્સ નિટકો કાસા, ડ્યુરા ડિગી, ડ્યુરાકોટુરા, ટુલાઈફ શ્રેણી હેઠળ ટાઈલ્સમાં ડિઝાઈનો અને રંગોની સંપૂર્ણ નવી શ્રેણી ઓફર કરવા માટે અનુકૂળ નિવારણ તરીકે પોતાને પ્રસ્તુત કરે છે.

## ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં શિક્ષક દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે શિક્ષણ દિનની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. શાળાના ધો. ૮ અને ધો. ૯ના વિદ્યાર્થીઓએ




અલગ-અલગ વિષયના શિક્ષક બની જવાબદારીપૂર્વક શાળાનું સમગ્ર સંચાલન સંભાળ્યું હતું. શિક્ષણ દિન નિમિત્તે વિદ્યાર્થીઓએ શાળાના પ્રાંગણમાં નાટક અને ગીતો રજૂ કર્યા હતા. તેમજ શાળા પરિવાર દ્વારા શિક્ષકોને પુષ્પ અને ભેટ અર્પણ કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

ઉપરાંત ધો. ૧૦ અને ધો. ૧૨ના સી.આઈ.ઈ.ના ૧૦૦ ટકા રિઝલ્ટ માટે ઉપાચાર્યા ક્રિના ક્રિશ્ચિયનનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સાથે શિક્ષકો હિના દત્તા, કાજલ પટેલ, મનીષા બારોટ, અશોક પ્રજાપતિ, નિરવ ગુપ્તા, રેનુ મેનન, કલ્પના રાવલ અને ઉષા ચૌધરીને શાળા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા તથા શાળાના આચાર્યાએ કાર્યક્રમને અંતર્ગત પ્રેરણાદાયી ઉદ્બોધન કર્યું હતું.

# મોડાસા તાલુકા પંચાયતના નવા સદનનું ૨.૮૫ કરોડના ખર્ચે નવનિર્માણ

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકા પંચાયતની થોડા દિવસ અગાઉ મળેલી સામાન્ય સભામાં છેલ્લા પાંચ વર્ષમાં સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત થયેલા વિકાસના કામો તેમજ સ્વભંડોળના ફંડ વગેરે અંગેની વિગતો રજૂ કરવામાં આવી હતી. જેમાં મોડાસા તાલુકા પંચાયતના જર્જરીત થયેલા મકાનના સ્થાને ટુંક સમયાં જ નવા મકાનનું નિર્માણ કરવા અંદાદે ૨.૮૫ કરોડના ખર્ચે બીલ્ડીંગ ઉભી કરવાનું હોવાની વિગતો રજૂ કરવામાં આવી હતી.

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી તાલુકા પંચાયત કચેરી અને તાલુકા પંચાયત સદન ખાતે તાલુકા પંચાયની સામાન્ય સભા તાલુકા પંચાયત પ્રમુખ ભાવનાબેન એન. વણકરના અધ્યક્ષ સ્થાને મળેલી મીટીંગમાં અત્યાર સુધીના છેલ્લા પાંચ વર્ષમાં એટીવીટી, આયોજન, ૧૩માં નાણાપંચના કામો, જિલ્લા પંચાયતની યોજનાઓ, સ્વભંડોળ, રાષ્ટ્રીય પર્વની ઉજવણી, સ્વર્ણીમ ગુજરાત, એ.મી.પી. એમ.એલ.એ. ફંડ અને બક્ષીપંચને લગતા કામોની વિગતો રજુ કરવામાં આવી હતી. મોડાસા તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષે જણાવ્યું હતું કે મોડાસા તા. પંચાયત કચેરીનું હાલનું સદન જર્જરીત થઈ ગયેલું હોવાથી તેના સ્થાને નવુ તાલુકા પંચાયત સદનનું બાંધકામ કરવા માટે અગાઉ કરાયેલ દરખાસ્ત ટુંક સમયમાં મંજૂર થઈને આવતા અંદાજે ૨.૮૫ કરોડના ખર્ચે તાલુકા પંચાયતનું આ નવુ સદન નિર્માણ પામશે તેમ જણાવ્યું હતું.



(તસવીર : જય અમીન, મોડાસા)

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## સેનાનું ઓપરેશન

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ઓપરેશનના ભાગરૂપે ખાસ કમાન્ડોને વિમાન મારફતે મ્યાનમારમાં બળવાખોરોના અડ્ડાની આસપાસ ઉતારી દેવામાં આવ્યા હતા. આ દિલધડક ઓપરેસનમાં સેનાના કમાન્ડોએ જોરદાર સાહસનો પરિચય આપ્યો હતો. બળવાખોરોનો સફાયો કરવામાં આવ્યો હતો. નવા ઓપરેશનને પણ ઉપયોગી કરવામાં ગણવામાં આવે છે. મ્યાનમારની સરહદ ઉપર બળવાખોરો સામે સેનાએ આક્રમક વલણ અપનાવ્યું છે. બીજીવખત આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યા બાદ એમપણ માનવામાં આવે છે કે પાકિસ્તાન કબ્જા હેઠળના કાશ્મીરમાં પણ જરૂર પડશે તો કાર્યવાહી કરવામાં આવશે. કારણકે, આતંકવાદી હુમલાઓ ભારતમાંસતત થઈ રહ્યા છે. જ્યારે પોકમાં આતંકવાદી કેમ્પો ચાલી રહ્યા છે, જેમાં ત્રાસવાદીઓ તાલીમ લઈ રહ્યા છે. વધુ માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. જોકે, આ સંદર્ભમાં સરકાર તરફથી કોઈપણ પ્રતિક્રિયા હજુ સુધી કરવામાં આવી નથી.

## ડિઝાઈન તૈયાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં રોડ નેટવર્કનુ વિસ્તરણ થયા બાદ નવા રસ્તાઓ અસ્તિત્વમાં આવ્યા છે. જયારે મુખ્ય માર્ગો પર નવા સર્કલોનુ પણ નિર્માણ કરવામાં આવ્યુ છે. જેના લીધે નગરનો ટ્રાફિક પણ પ્રભાવિત થયો છે. બીજીતરફ શહેરમાં ટ્રાફિક સિગ્નલની યોજના હજુ સફળ થઈ નથી. ત્યારે સર્કલો પર વાહનોની ગતિ મર્યાદા જળવાઈ રહે તે પણ અનિવાર્ય બન્યુ છે.

## રેકર્ડ જ નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થઈ ગયો છે. જયારે તંત્ર પાસે મીની ટ્રેઈનના અસ્તિત્વ અંગેનો રેકર્ડ પણ ન હોવાનો ગણગણાટ પ્રવર્તયો છે. બાલોદ્યાનમાં સ્થિત તળાવના રીનોવેશન અને સફાઈ કામગીરી પાછળ પણ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ સહેલાણીઓ માટેની સુવિધાઓ અપગ્રેડ કરવામાં આવતી નથી.મીની ટ્રેઈનની સમસ્યાનુ પણ કાયમી ધોરણે નિરાકરણ આવતુ નથી.

## નવાં કલેવર (ચોથા પાનાનું ચાલુ...)

'કાકા... આનું નામ જ જિંદગી છે.. આ બધા નસીબના ખેલ છે. તમારે શરમાવાની જરુર નથી. હું જાણું છું કે અત્યારે પણ તમારામાં કેટલી સ્ફૂર્તિ અને ખુદ્દારી છે. પોતાના ભરણપોષણ માટે માણસ ગમે તે કરે પણ કોઈની સામે હાથ ન લંબાવે એ જ સાચો પુરુષાર્થ છે. એ જ ખરું ઈમાન છે. મને તમારા સ્વાભિમાન પર ગર્વ છે. આવો આજે આપના વહુ-દિકરા સમજી અમારી સાથે જમવા બેસો. કાકી માટે પણ પૅક કરાવી લઈશું.'

આ સાંભળી તેમની આંખો ઊભરાઈ આવી. મારા ખભે માથું મુકી એ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. તેમના આંસુથી મારું શર્ટ ભીંજાતું રહ્યું. અને એ જ સમયે મારા દીકરાનો વિચાર આવતાં મારી આંખો પણ ભીંજાઈ. આજ સવારે જ મેં તેને તેના જન્મદિવસના આશીર્વાદ આપતાં વહુને ફરવા લઈ જવા અને હોટલમાં જમાડવાનું કહેલું. ત્યારે તેણે સામેથી સોગન આપી તેની મા પાસે રસોઈ બનાવડાવવાને બદલે હોટલમાં જમવા લઈ જવાનો વાયદો કરાવ્યો હતો. અને કાકાના દિકરોનો વહુ જેના કારણે આ ઉંમરે પેટ માટે તેમને વેઠ કરવી પડે છે.

- vanvihari@gmail.com

## વિચારોના... (ચોથા પાનાનું ચાલુ...)

દ્વારા કામ સારી રીતે થાય છે. પણ ક્યારેક તેમાં પણ કર્મકાંડનું પ્રમાણ વધતું રહે અને શુદ્ધ વિચાર ભુલાતો જાય એવી શક્યતા રહેલી છે.

એક સમયની વાત છે. મહાત્મા ગાંધી અને ઠક્કર બાપા ઉડીસાના એક નાનકડા સ્ટેશન પર ગાડીની રાહ જોઈ રહ્યા હતા. ત્યાં એક વૃદ્ધ આદિવાસી આવ્યો અને ઘૂંટણ બેવડા કરી ગાંધીજીના પગે પડ્યો. ગાંધીજી એકીટશે જોઈ રહ્યા હતા. તેણે ફક્ત એક પોતડી જ પહેરી હતી. શરીરમાં પાંસળીઓ જ દેખાતી હતી. તેણે પોતડીમાંથી એક પૈસો કાઢ્યો અને મહાત્માના ચરણોમાં મૂક્યો. ગાંધીજીએ આશ્ચર્યચકિત થઈ પ્રશ્ન કર્યો કે, 'આ પૈસા અહીં કેમ મૂક્યા?' તેણે જવાબ આપ્યો કે દેવદર્શન જઈએ છીએ તો ભગવાનને કંઈક ભેટ ચઢાવીએ છીએ. ગાંધીજીએ વિચાર્યુ કે શું કરું? પછી તેમણે પૈસા લઈ લીધા અને પાસે બેઠેલા ઉડીસાના નિ;સ્વાર્થી સમાજ સેવક ગોપબંધુ દાસને કહ્યું કે 'જોયું ? આ છે ભારતનો આત્મા અહીં કંગાળ વ્યક્તિ પણ પોતનાથી ગરીબની મદદ કરવી પોતાનો ધર્મ માને છે. આનું શરીર દુર્બળ છે પણ આત્મા ખૂબ બળવાન છે.'

## Hello ફ્રેન્ડ્સ! (ચોથા પાનાનું ચાલુ...)

હવન, વાસ્તુ, ગણપતિ કે નવરાત્રીમાં હાજરી પુરાવી જાય! શહેરમાં તો એ વૃક્ષારોપણ માટે ખાસ આવે, ફોટોસેશન થાય અને છાપામાં ચમકે એટલે વરસાદ અને વૃક્ષ બંને ગાયબ... બીજે વરસે એ જ ખાડો અને નવા છોડ સાથે વરસાદ ફરી કાર્યક્રમ કરાવે!

શહેર હોય કે ગામ પણ વરસાદના અનેક ઉપકાર છે. શહેરમાં દર પહેલીએ પગાર મળે એટલે વરસાદની ખેંચની બહુ ઈફેક્ટ ન દેખાય, પણ ગામમાંથી ગાયબ થયેલો વરસાદ પાક ઢળી પડે અને શાકભાજી સુકાય જાય ત્યારે ખેડૂતની કરચલીમાં ડોકાય જાય છે. વરસાદને તો એટલું જ કહેવું છે કે શહેરના રવાડે ચઢી 'સૅલ્ફી' ખેંચીને એમ જતું ન રહેવાય!

ચૂંટલો : શૅરમાર્કેટ અને વરસાદની હાલત લગભગ સરખી જ છે. એકમાં શહેરી દુખી છે, તો બીજામાં ગ્રામીણ દુખી છે... સામાન્ય માણસ તો એટલું જ વિચારે છે, 'બાફ નથી, વરસાદ નથી, એનો સાદ નથી, બીજું તો કયાં કે આ જીવનમાં ખૂટે છે.'

*(શિર્ષક પંક્તિ : પારસ એસ. હેમાણી - રાજકોટ)*